ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૭.૨ ડીગ્રી
લઘુતમ : ૧૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૭ ટકા ● સાંજે ૩૯ ટકા

# ઠંડીમાં વિવિધ શિયાળુ પાકની મોસમ ખીલી

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરમાં કડકડતી ઠંડી વચ્ચે નાગરીકોએ વિવિધ શિયાળુ પાકની ખરીદી માટે રીતસરની દોટ લગાવી છે. બજારમાં સાલમપાક, બદામપાક, ખજુર રોલ, અડદીયા, ગુંદર પાકના વેચાણમાં વધારો નોંધાયો છે. જયારે બજારમાં મેથીના લાડુનું વેચાણ સૌથી વધુ થાય છે. વિવિધ શિયાળુ પાકને જીએસટીનું ગ્રહણ ન લાગતા ભાવમાં સામાન્ય વધઘટ જોવા મળી રહી છે. ત્યારે બજારમાં રૂ.૪૮૦થી રૂ.૬૪૦ સુધીમાં વિવિધ શિયાળુ પાક બજારમાં વેચાઈ રહ્યા છે.

શિયાળાની સિઝનને સ્વાસ્થયવર્ધક ઋતુ માનવામાં આવે છે. આજના સમયમાં નાગરીકો સ્વાસ્થ્ય માટે વધુ જાગૃત બની ગયા છે. શિયાળામાં શરીરને ઠંડીનો સામનો કરવા વધુ ઉર્જાની જરૂર પડે છે તે માટે વધુ ખોરાકની આવશ્યકતા હોય છે. શિયાળામાં ખાધેલુ બારેમાસ શરીરને ઉર્જા પુરી પાડે છે તેવી કહેવત પણ છે. ત્યારે જુના જમાનામાં વિવિધ વસાણા ખાસ શિયાળાની રૂતુ માટે તૈયાર કરવામાં આવતા હતા. જેમાં અડદીયા પાક, ગુંદર પાક અને મેથીના લાડુ બનાવતા હતા અને રોજ સવારે આરોગતા હતા. જેથી શિયાળામાં શરીરમાં સાંધાના દુખાવા હોય તેમાં પણ નાગરીકોને રાહત મળતી હતી. તે પરંપરા મુજબ આજે પણ નાગરીકો વિવિધ વસાણાનો ઉપયોગ શિયાળાની સિઝનમાં કરે છે પરંતુ દોડધામવાળી જીંદગી અને ટાઈમના અભાવે હવે નાગરીકો તૈયાર ખરીદીને વિવિધ શિયાળુ પાક આરોગે છે. ત્યારે બજારમાં આવેલ મીઠાઈના વેપારીઓ પણ નાગરીકો માટે શિયાળો આવતા જ શિયાળુ પાક તૈયાર કરી રાખે છે. જેમાં સાલમપાક, બદામપાક, ખજુર રોલ, કાળી ખજુર, અડદીયા, ગુંદરપાક અને મેથીના લાડુ નો સમાવેશ થાય છે. જયારે પાટનગરના નાગરીકો સાલમપાક અને મેથીના લાડુની સવિશેષ ખરીદી કરે છે. ત્યારે શિયાળુ પાકની ખરીદી માટે નાગરીકોનો ભારે ધસારો બજારોમાં જોવા મળી રહ્યો છે. જયારે આજના સમયે તો બાળકો માટે પણ તેમના ટેસ્ટ અનુસાર વિવિધ શિયાળુ પાક બજારમાં સરળતાથી મળી રહે છે.



# ચરેડી ચોકડીથી જીઈબી સુધીની ફુટપાથ પર શ્રમિકોનો અડ્ડો





ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરના વિવિધ માર્ગો અને આંતરીક માર્ગો પર નાગરીકોને ચાલવા માટે ફુટપાથ તંત્ર દ્વારા બનાવવામાં આવી છે. ત્યારે શહેરને અડીને આવેલા જીઈબી ગેટથી ચરેડી છાપરા સુધીના માર્ગ પર પણ નાગરીકોને ચાલવા માટે ફુટપાથ તૈયાર કરાઈ છે. પરંતુ આ ફુટપાથ પર ઝુંપડાધારકોએ અડીંગો જમાવી દીધો છે. જેથી નાગરીકોને માર્ગ પર ચાલવાનો વારો આવે છે. જીઈબીને કારણે ટ્રકોની અવરજવર સતત થતી રહે છે. ત્યારે નાગરીકોને ભયના ઓથાર હેઠળ ચાલવાનો વારો આવે છે.

ગાંધીનગર શહેરમાં ફુટપાથ પર સવાર-સાંજ નિયમિત ચાલનારો નાગરીકોનો વર્ગ મોટો છે. ફુટપાથ પર નાગરીક ચાલતા હોવાથી વાહન અકસ્માતનો ભય પણ રહેતો નથી. ત્યારે જીઈબી કોલોની અને પેથાપુરમાં રહેતા નાગરીકો જીઈબી થી ચરેડી માર્ગ પરની ફુટપાથ પર ચાલવાનું પસંદ કરે છે. ત્યારે છેલ્લા કેટલાક સમયથી તંત્ર દ્વારા તારની વાડ કરી દેવાતા ત્યાં રહેતા ઝુંપડાધારકોએ ફુટપાથ પર પોતાનો અડીંગો જમાવી દીધો છે. લાકડા અને અન્ય આડશ મુકતા નાગરીકો ફુટપાથ પર ચાલી શકે તેવી સ્થિતિ નથી. જયારે ઝુંપડાધારકો ગંદકી કરતા હોવાથી આ માર્ગ પર ચાલવુ મુશ્કેલ બની ગયું છે. ત્યારે નિયમિત ચાલનારા નાગરીકો ફુટપાથની નીચે પણ ચાલે છે પરંતુ જીઈબીને પગલે ત્યાં ટ્રક અને અન્ય વાહનોની અવરજવર સતત ચાલુ રહે છે. જેથી ફુટપાથની નીચે ચાલતા નાગરીકોને અકસ્માતનો ભય સતાવે છે. ત્યારે તંત્ર દ્વારા તાત્કાલીક અસરથી ફુટપાથ પરનું દબાણ દુર કરવામાં આવે તેવી લાગણી અને માંગણી પેથાપુરના નાગરીકોની છે.

# શહેરમાં ચોરીનું પ્રમાણ વધતા પ્રજા ભયભીત

ગાંધીનગર, તા.૧૦

છેલ્લા કેટલાક સમયથી શહેરમાં અને શહેરની આસપાસના વિસ્તારોમાં ચોરીનું પ્રમાણ ઘણું વધી ગયું હોવાથી પ્રજા રોષે ભરાઈ છે. ચોરોના ત્રાસને પગલે લોકો ભયભીત બન્યા છે.

આ બાબતે રાજધાની વસાહત સેવામંડળ, ગાંધીનગરના પ્રમુખ રજુજી બી. ગોલે જણાવ્યું છે કે વાવોલ ગામમાં છ સાત મહિના પહેલા ખૂબ મોટી ચોરી થઈ હતી. જેમાં ચોર દસ લાખનું સોનું લઈ ગયા હતા. ત્યારબાદ વાવોલ ગામની જ સોસાયટીમાં રાત દિવસ ખુલ્લેઆમ ચોરીઓ થવા લાગી હતી તેમજ કુડાસણ અને સરગાસણમાં પણ ખૂબ જ પ્રમાણમાં ચોરીઓ થઈ છે.

તેમણે જણાવ્યું હતું કે સેકટર-૨૫માં આવેલી સૂર્યનારાયણ સોસાયટીમાં છેલ્લા ૧૦ થી ૧૫ દિવસમાં સાતથી આઠ મકાનોના તાળા તૂટયા છે જેમાં મોટાભાગની ચોરીઓ દિવસે થઈ છે. જેના પગલે ગાંધીનગર અને આજબાજુના ગામડામાં લોકોને દિવસ-રાત ચોરીનો ભય રહે છે. ઘણા બધા લોકોને ધોળા દિવસે પણ મકાન બંધ કરીને બહાર જવામાં ચોરી થવાનો ભય રહે છે. તેમણે રોષ વ્યકત કર્યો હતો કે આટલી બધી ચોરીઓ થઈ પરંતુ અત્યાર સુધી એક પણ ચોરી પકડાઈ નથી એની પાછળનું કારણ શું છે? રજુજી ગોલે જણાવ્યું હતું કે ગાંધીનગરના દરેક પોલિસ સ્ટેશનમાંથી દિવસ રાત પેટ્રોલીંગ થવું જોઈએ.

## વાતવાતમાં

● ગાંધીનગર જિલ્લા પંચાયતના ૧૯ જેટલા વર્ગ-૪ના કર્મચારીઓની સામુહિત બદલીનો ગંજીફો ચીપાયો

● ગાંધીનગર જિલ્લા પંચાયતની બજેટ બેઠક ફેબ્રુઆરીના અંતમાં મળશે.

● શહેરમાં મકરસંક્રાંતિનો તહેવાર આવતા બજારમાં ઉંધિયાને લગતી શાકભાજીના ભાવમાં ઉછાળો જોવા મળી રહ્યો છે. અનેક ગૃહિણીઓએ અત્યારથી જ ઉંધિયા માટેની જરુરી શાકભાજીની ખરીદીનો પ્રારંભ કરી દીધો છે.

● આજે રાજય મંત્રીમંડળની બેઠકમાં રાજયમંત્રી પુરૂષોત્તમ સોલંકીની ગેરહાજરી પણ રાજકીય વર્તુળોમાં ચર્ચાનો મુદ્દો હતી.

## આજે શહેરમાં ગુજરાત મંડપ ડેકોરેશનનું ૨૬મું અધિવેશન

ગાંધીનગર, તા.૧૦

ગુજરાત મંડપ ડેકોરેશનનું ૨૬મું અધિવેશન ગાંધીનગર ખાતે યોજાયેલ છે. જેની જનરલ મીટીંગ આવતીકાલે ગુરુવારે બપોરે ૨ વાગે શ્રી સમસ્ત બ્રહ્મસમાજ હોલ, સે-૧૬ ખાતે રાખવામાં આવેલ છે. જેથી મંડપ, લાઈટ, માઈક, રસોઈયા, કેટરર્સ, ફલાવર્સ, પાર્ટીપ્લોટના માલિક તથા ઈવન્ટ મેનેજમેન્ટ ધરાવતા તમામ વેપારીઓએ હાજર રહેવું.

# પોતાની ખોટી સહીથી એટીએમ કાર્ડની ડિલિવરી થઈ ગઈ હોવાનું જણાતા ગ્રાહક ભડકયો...!!

**બેંકે મોકલેલું નવું એટીએમ કાર્ડ ખાતેદારને મળ્યું ના હોવા છતાં પોષ્ટઓફિસના રેકોર્ડમાં ડિલિવરીથી ગઈ હોવાનો દાવો : ભળતી સહી હોવાનો ગ્રાહકે દાવો કર્યા પછી પોસ્ટમેને ભૂલ કબૂલી**

ગાંધીનગર, તા.૧૦

એક તરફ સરકાર રોકડનું ચલણ અર્થતંત્રમાંથી ઘટે અને




નાગરિકો બેંકિંગ ટ્રાન્ઝેકશન થકી પોતાના નાણાંકીય વ્યવહારો કરે જેથી કાળુનાણું પેદા થવાની શકયતા ઓછી થાય તે માટે પ્રયાસ કરી રહી છે. બીજી તરફ નેટ બેંકિંગના પાસવર્ડ હેક થવા, ફેક કૉલ થકી ઓટીપી માંગી લઈ બેંક ખાતેદારો સાથે છેતરપીંડી થવી જેવી ઘટનાઓ ગ્રાહકોને બેંકિંગ વ્યવહારો કરવા માટે ડરાવી રહી છે. ગાંધીનગરમાં આવી જ એક ઘટનાએ બેંક ખાતેદારનું નવું એટીએમ કમ ડેબિટ કાર્ડ ટલ્લે ચઢતાં ગ્રાહક ચિંતાગ્રસ્ત બન્યો હતો. પોષ્ટમાં આવેલું કાર્ડ પોતાને મળ્યું ના હોવા છતાં પોષ્ટ અને બેંકના રેકોર્ડમાં ગ્રાહકની ખોટી સહીથી તેની ડિલિવરી થઈ ગઈ હોવાનું દેખાતા ગ્રાહક વિમાસણમાં મુકાયો હતો. અંતે કાર્ડ હેમખેમ મળી જતા ગ્રાહકે રાહતનો દમ લીધો હતો.

ગાંધીનગરના સેકટર-૭માં રહેતા એક તાજેતરમાં નિવૃત્ત થયેલા સરકારી કર્મચારીએ પોતાના એસબીઆઈ બેંકના જુના ખાતામાં નવા એટીએમ કમ ડેબિટ કાર્ડ માટે અરજી કરી હતી. જેના આધારે બેંકે તેમને ગત તા.૨૩મી ડિસેમ્બરે કાર્ડ ઈશ્યુ કર્યુ હોવાનો મેસેજ આપ્યો હતો. આ મેસેજ આવ્યા બાદ ગ્રાહકે વારંવાર નિયમિત રીતે સેકટર-૭ની પોષ્ટ ઓફિસ ખાતે તપાસ કરી હતી પરંતુ પોષ્ટ ઓફિસેથી 'હજુ તમારું કાર્ડ આવ્યું નથી, આવશે એટલે પહોંચાડી દઈશું' જેવો જવાબ મળતો હતો. અંતે ગ્રાહકે એસબીઆઈ બેંકની મુખ્ય શાખામાં આ બાબતે તપાસ કરતા બેંક અધિકારીએ કોમ્પ્યુટરમાં રેકોર્ડ જોઈને કહ્યું કે 'આપનુ કાર્ડ તો તા. ૨૬મી ડિસેમ્બરે જ તમને ડિલિવર થઈ ગયું છે.' આ જવાબ સાંભળતા ગ્રાહકા પેટમાં ફાળ પડી અને તેણે બેંક અધિકારી પાસેથી આ બાબતનો કોમ્પ્યુટરાઈઝડ રિપોર્ટ મેળવી તુરંત તેઓ સે-૭ પોષ્ટઓફિસ ખાતે ધસી ગયા હતા. અહીં તેમણે આ વાતની જાણ કરતા પોષ્ટઓફિસના અધિકારીએ પણ રેકોર્ડ ચેક કરતા ગ્રાહકની સહી સાથે કાર્ડની ડિલવરી થઈ ગઈ હોવાનું જણાવ્યું હતું અને આ સહી બતાવતા ગ્રાહકને માલુમ પડયું કે આ તો ખોટી સહી છે. આમ ગ્રાહકના નામની ખોટી સહી કરી કોઈએ કાર્ડ લઈ લીધું હોવાની શકયતા ઉભી થતા ગ્રાહક વધુ ચિંતામાં મુકાયો હતો પરંતુ તે સમયે તેમના વિસ્તારના પોષ્ટમેન આવી પહોંચતા તેમની ઉલટ તપાસ લીધી હતી.

પોષ્ટમેને ઉલટ તપાસમાં કબુલ્યું કે, 'સાહેબ મારી ભૂલ થઈ ગઈ, આપનું કાર્ડ સીલબંધ કવર સાથે મારી પાસે સહી સલામત છે' એમ કહી તેણે કાર્ડનું કવર ગ્રાકને સુપરત કર્યું હતું. આ બાબતે ગ્રાહકે પોષ્ટમેનને ઠપકો આપી ફરી કોઈની સાથે આવું નહીં કરવા ચેતવણી આપી હતી. ગ્રાહકે પોતાના બેંક ખાતાની વિગતો તપાસી લેતા આ કાર્ડનો કોઈ દુરૂપયોગ ના થયો હોવાનું માલુમ પડતા ગ્રાહકે રાહતનો દમ લીધો હતો.

## પોષ્ટમેને આવું કેમ કર્યુ હશે??

પોષ્ટમેને એટીએમ કાર્ડની ડિલિવરી કર્યા વગર ગ્રાહકની ખોટી સહી સાથે ડિલિવરી રિપોર્ટ મોકલી દીધો તે પાછળ તેની કાર્ડનો દુરૂપયોગ કરવાની દાનત હતી કે માત્ર આરામથી ડિલિવરી કરીશું તેવી આળસ જવાબદાર હતી તે બાબતે ગ્રાહક હજુ વિમાસણમાં છે એટીએમ કાર્ડનું 'કલોન' પણ બની શકે છે પરંતુ કાર્ડનું કવર ગ્રાહકને સીલબંધ મળ્યું હતું તેથી આ સવાલનો જવાબ માત્ર પોષ્ટમેન જ આપી શકે તેમ છે.

# નર્સિંગ ક્ષેત્રે ઈનોવેશન્સ બાબતે રાષ્ટ્રીય કક્ષાની કોન્ફરન્સ યોજાઈ

ગાંધીનગર, તા.૧૦

નર્સિંગ વ્યવસાયમાં નવા સંશોધનો અને આધુનિકતા અંગે રાષ્ટ્રીય કક્ષાનો સેમિનાર આજે ગાંધીનગરમાં યોજાયો હતો. સેકટર-૧૫માં વીપીએમપી કોલેજના મિકેનિકલ હોલ ખાતે યોજાયેલા આ




સેમિનારમાં ગુજરાત ઉપરાંત અન્ય રાજયોની મળીને ૨૫ નર્સિંગ કોલેજના ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ તથા ડેલિગેટસે ભાગ લીધો હતો. સેમિનારનું આયોજન ગુજરત નર્સિંગ કાઉન્સિલ દ્વારા ગાંધીનગરની સીએમ પટેલ કોલેજ ઓફ નર્સિંગના સંયુકત ઉપક્રમે કરવામાં આવ્યું હતું.

ઈનોવેશન્સ ઈન નર્સિંગ માટેની આ નેશનલ કોન્ફરન્સમાં પૂણેની ભારતી વિદ્યાપીઠના આસીસ્ટન્ટ પ્રોફેસર સુરેશ રાય, ચાંગાની ટોપાવાલા ઈન્સ્ટિટયુટ ઓફ નર્સિંગના આસીસ્ટન્ટ પ્રોફેસર અંજલિ તિવારી, વાપીના સાન્ટ્રા શ્રોફ રોફેલ કોલેજના પ્રિન્સિપાલ ટી.કે. ભૂટિયા અને બેંગ્લોરની ધ ઓકસફોર્ડ કોલેજ ઓફ નર્સિંગના પ્રોફેસર આર. બાબુ જેવા નિષ્ણાંતોએ પોતાના વકતવ્યો રજૂ કર્યા હતા. કોન્ફરન્સનો પ્રારંભ કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ કનુભાઈ પટેલ, વાઈસ ચાન્સેલર ડી.ટી. કાપડિયાના હસ્તે કરાયો હતો. આ પ્રસંગે ગુજરાત નર્સિંગ કાઉન્સિલના રજીસ્ટ્રાર ડૉ. પ્રજ્ઞા ડાભી ઉપસ્થિત રહ્યા હતા. આ કોન્ફરન્સમાં ગુજરાત ઉપરાંત રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રથી વિદ્યાર્થીઓ તથા ફેકલ્ટીઝ પધાર્યા હતા. ગાંધીનગરની નર્સિંગ કોલેજના આચાર્યા ડૉ. ફાલ્ગુન મોદીએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવા નર્સિંગ કોલેજના રાજેશ રાવલ, હિમાલી પ્રજાપતિ, ભાવિષા પટેલ, પ્રેમ, પ્રો. કલણ વાણી, પ્રો. કૃતિ કોન્ટ્રાકટર તથા કર્ચમારીગણે અને વિદ્યાર્થીઓએ જહેમત ઉઠાવી હતી.

## શનિવારે કવિ દીપક પંડયાના કવિતાસંગ્રહ અભિપ્સાનું વિમોચન

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના સેકટર-૨૩ ખાતેના અરવિંદ કેન્દ્ર ખાતે તા. ૧૩મી જાન્યુઆરીના રોજ સાંજે ૬ કલાકે સમર્પણ કોલેજના ગુજરાતી ભાષાના અધ્યાપક તથા કવિ દીપક પંડયા રચિત અરવિંદ દર્શન પ્રભાવિત અછાંદસ કવિતા સંગ્રહ 'અભીપ્સા'ના માતૃચરણે અર્પણનો કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં પૂ. અરવિંદના પૂર્ણ યોગના સાધક તથા જાણીતા શિક્ષણવિદ જયોતિબેન થાનકી તથા ગુજરાત સાહિત્ય પરિષદના ઉપપ્રમુખ તથા જાણીતા સાહિત્યકાર રાજેન્દ્ર પટેલની વિશેષ ઉપસ્થિતિ રહેશે.

## જાગાસ્વામી ઝોળી પર્વ મહોત્સવ જોગ

ગાંધીનગર, તા.૧૦

મકરસંક્રાંતિના પર્વે જાગાસ્વામી મંદિર, ભવનગર ખાતે જાગાસ્વામી ઝોળી પર્વ મહોત્સવની ઉજવણી કરવામાં આવશે. જાગાસ્વામી મંદિરમાં દર્શન, પ્રસાદ, સત્સંગના ત્રિવેણી સંગમના આયોજન માટે ભાવિકભકતો સત્સંગનો સમાવેશ થાય તે માટે ફાળો આપી શકશે. તે માટે વિશ્વ જણસારી સમાજ અને જાગાસ્વામી સત્સંગ મંડળના સેવાભાવી મહેન્દ્ર ચૌહાણને ૧૭૯/૨, સેકટર-૧૪, ગાંધીનગર ખાતે દાન મોકલી શકાશે તે માટે ફોન નં. ૯૪૨૭૦૫૬૮૪૫ ઉપર સંપર્ક કરી શકાશે.

## ચિરવિદાય

- સ્વ. રમેશભાઈ ઈશ્વરભાઈ પટેલ, ઉ.વ. ૫૮
- સ્વ. રામીબેન ફુલાભાઈ પટેલ, ઉ.વ. ૧૦૧
- સ્વ. ઠાકોર જવાનજી પુંજાજી, ઉ.વ. ૭૦
- સ્વ. ભરતકુમાર દુર્ગાશંકર ભટ્ટ, ઉ.વ. ૮૨
- સ્વ. વિનોદભાઈ નરસિંહભાઈ ઠાકોર, ઉ.વ. ૩૫
- સ્વ. ઠાકોર કાળાજી મફાજી, ઉ.વ. ૫૨
- સ્વ. નાયક શાંતાબેન કલ્યાણભાઈ, ઉ.વ. ૮૦

# મગફળીના ઢગલા માર્કેટના બદલે માર્ગો ઉપર

**મગફળીમાં પોષણક્ષમ ભાવનો અભાવ તથા મબલખ ઉત્પાદન જવાબદાર : માર્ગો ઉપર ના છુટકે વેચાણમાં ખેડુત તથા વેપારીને ફાયદો**

ગાંધીનગર, તા.૧૦

રાજયભરમાં મગફળીના થયેલા મબલખ ઉત્પાદને મગફળીનું મુલ્ય ઘટી ગયું છે. હાલ ગાંધીનગર તથા અમદાવાદના મુખ્ય માર્ગોની આજુબાજુ મગફળીના ઢગલા જોવા મળી રહ્યા છે. ખેડુત વર્ગે આવા વેપારીઓને મગફળી વેચાણ આપી ફાયદો મેળવ્યો છે તો આ વેપારીઓ પણ છુટક વેચાણ કરી સારો એવો નફો મેળવી રહ્યા છે. જો કે રોજીંદા વપરાશમાં જે લોકો મગફળી ખાતા નહોતા તે હાલમાં આ ઢગલાઓમાંથી ખરીદી કરી મગફળીની મજા લઈ રહ્યા છે. જેમાં વેપારીઓ રોકીને પણ મગફળી વેચાણ કરી રહ્યા છે.

ખેડુત વર્ગને સરકારે મગફળીના ટેકાનો ભાવ કરી આપ્યો છે જે પણ ખેડૂત વર્ગને આ ઉત્પાદન કરવામાં થયેલા ખર્ચા અને મહેનત સામે ઓછું હોવાનું લાગી રહ્યું છે. જેથી કેટલાક ખેડૂતોએ ઉત્પાદીત મગફળીને હજુ સુધી માર્કેટમાં વેચાણ કરી નથી અને શહેરી વિસ્તારમાં છુટક વેપાર કરતા વેપારી વર્ગને વેચાણ કરી સંતોષકારક ભાવ મેળવ્યાનો અહેસાસ કરી રહ્યા છે. શહેરી વિસ્તારના મુખ્ય માર્ગોની આજુબાજુ હાલમાં છુટક વેપારીઓ મગફળીના ઢગલા કરી વેચાણ કરી રહ્યા છે જેમાં મગફળીને શેકીને પણ ગ્રાહકોને અપાય છે.

માર્ગો ઉપર મળતી આ મગફળી ૮૦ રૂ. કિલો તેમજ શેકીને રૂ. ૧૦૦ની કિલોના ભાવે વેચાણ થાય છે જયારે માર્કેટયાર્ડમાં ખેડુતોને એક મણના રૂ. ૯૦૦ મળી રહ્યા છે. આમ છુટક વેચાણમાં ખેડુત તથા વેપારી બંને સારો એવો ભાવ લઈ નફો રળી રહ્યા છે. જો કે આ પ્રકારના વેચાણમાં જે લોકો મગફળી ફકત ખારીસિંગ કે ચિક્કી સ્વરૂપે જ ખાતા હતા તે લોકો છુટક મગફળી ઘરે લાવી દૈનિક વપરાશમાં ઉપયોગ કરી રહ્યા છે. આમ મગફળીનો વપરાશ પણ ઘેર ઘરે વધી ગયો છે. વધુમાં કાજુ સમકક્ષ કેલેરી આપતી મગફળી માર્ગો ઉપર આવતા તેની શાખ ઉપર અસર થઈ હોવાનું મગફળીના શોખીનોમાં ચર્ચા ઉઠી છે. જો કે ઉત્તરાયણ નિમિત્તે મગફળીની માંગ વધતા પણ આ ઢગલા જોવા મળ્યા હોવાનું વેપારી વર્ગ જણાવી રહ્યો છે.

